RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 04 * Date: 22.10.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મદરેસાઓ બંધ કરવાના આદેશ પર સુપ્રીમ કોર્ટની રોક



સુપ્રીમ કોર્ટે સોમવારે મદરેસાઓને લઈને બે નિર્ણયો આપ્યા છે. પ્રથમ- સરકારી મદરેસાઓ બંધ કરવાના કેન્દ્ર અને રાજ્ય સરકારોના નિર્ણય પર રોક લગાવવામાં આવી હતી. નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એ ૭ જૂન અને ૨૫ જૂને રાજ્યોને આ સંબંધિત ભલામણો કરી હતી. કેન્દ્રએ આનું સમર્થન કર્યું અને રાજ્યોને આ અંગે પગલાં લેવા જણાવ્યું.બીજું- કોર્ટે ઉત્તર પ્રદેશ અને ત્રિપુરા સરકારના આદેશ પર પણ સ્ટે મૂક્યો હતો, જેમાં મદરેસામાં ભણતા વિદ્યાર્થીઓને સરકારી શાળામાં ટ્રાન્સફર કરવાના હતા. આમાં બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓ અજ્ઞાત મદરેસાઓ તેમજ સરકારી સહાયિત મદરેસામાં અભ્યાસ કરે છે.મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારદીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ જમિયત ઉલેમા-એ-હિંદની અરજી પર સુનાવણી કરી રહી હતી. બેંચે કેન્દ્ર સરકાર, દ્રઝઁઝઈ અને તમામ રાજ્યોને નોટિસ જારી કરીને ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.બેન્ચે કહ્યું કે, આ સ્ટે વચગાળાનો છે. જ્યાં સુધી આ મામલે નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી રાજ્ય મદરેસાઓ સામે કોઈ કાર્યવાહી કરી શકશે નહીં. બેંચે જમિયત ઉલેમા-એ-હિંદને ઉત્તર પ્રદેશ અને ત્રિપુરા અને અન્ય રાજ્યોને પણ અરજીમાં પક્ષકાર બનાવવાની મંજૂરી આપી હતી. મદરેસાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનું પાલન નથી થઈ રહ્યું નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (દ્રઝઁઝઈ) એ ૧૨ ઓક્ટોબરે કહ્યું હતું કે, ‘રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯‘નું પાલન ન કરતી મદરેસાઓની માન્યતા રદ કરવી જોઈએ અને તેમની તપાસ થવી જોઈએ. દ્રઝઁઝઈએ તમામ રાજ્યોને પત્ર લખીને કહ્યું હતું કે, મદરેસાઓને આપવામાં આવતું ફંડ બંધ કરવામાં આવે. આ રાઈટ-ટુ-એજ્યુકેશન (ઈ્ઈ) નિયમોનું પાલન કરતા નથી.કમિશને આ સૂચન ‘ગાર્ડિયન્સ ઓફ ફેઈથ ઓર ઓપોનન્ટ્સ ઓફ રાઈટ્સઃ કૉન્સ્ટિટ્યુશનલ રાઈટ્સ ઓફ ચિલ્ડ્રન વર્સિસ મદરેસા‘ નામનો રિપોર્ટ તૈયાર કર્યા બાદ આપ્યો હતો. પંચે કહ્યું હતું કે, ‘મદરેસાઓમાં સંપૂર્ણ ધ્યાન ધાર્મિક શિક્ષણ પર હોય છે, જેના કારણે બાળકોને જરૂરી શિક્ષણ મળતું નથી અને તેઓ અન્ય બાળકોથી પાછળ રહે છે.‘

। નિર્દેશો પર કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો રિપોર્ટ બાદ ૨૬ જૂન, ૨૦૨૪ ના રોજ, ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવે તમામ જિલ્લા કલેક્ટરને રાજ્યમાં તમામ સરકારી સહાયિત/માન્યતા પ્રાપ્ત મદ્રેસાઓની તપાસ કરવા અને મદરેસાના તમામ બાળકોને તાત્કાલિક શાળાઓમાં સ્થાનાંતરિત કરવા જણાવ્યું હતું. ત્રિપુરા સરકાર દ્વારા ૨૮ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આવી જ સૂચના જારી કરવામાં આવી હતી.

૧૦ જુલાઈ, ૨૦૨૪ ના રોજ કેન્દ્ર સરકારે દ્રઝઁઝઈની સૂચનાઓ અનુસાર પગલાં લેવા માટે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો હતો.યુપી મદરેસા એક્ટ પર વિવાદ, જીઝએ તેના પર પ્રતિબંધ મૂક્યો ૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના ‘યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટ ૨૦૦૪‘ને ગેરબંધારણીય જાહેર કરવાના નિર્ણય પર રોક લગાવી દીધી હતી. આ સાથે કેન્દ્ર અને યુપી સરકારો પાસેથી પણ જવાબ માંગવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે હાઈકોર્ટના નિર્ણયથી ૧૭ લાખ વિદ્યાર્થીઓ પ્રભાવિત થશે. વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ટ્રાન્સફર કરવાની સૂચના આપવી તે યોગ્ય નથી.

હકીકતમાં, ૨૨ માર્ચે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે યુપી મદરેસા એક્ટને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે.



## તંત્રી સ્થાનેથી..

# વાહનચાલકો પર મોંઘવારીનો માર!

કેન્દ્ર સરકાર દ્વારા સીટી ગેસ ડિસ્ટ્રિબ્યૂટર્સને પૂરો પાડવામાં આવતા સસ્તા ગેસની ફાળવણી ૨૦ ટકા સુધી ઘટાડવામાં આવતાં આગામી દિવસોમાં સીએનજીના ભાવ ૪થી ૬ રૂપિયા સુધી વધી શકે છે. કેન્દ્ર સરકારે એડમિનિસ્ટ્રેટિવ પ્રાઈસ મિકેનિઝ્મ ગેસનો પુરવઠામાં ઘટાડો કર્યો છે. જેની અસર સીએનજી વાહનચાલકોને થવાની શક્યતા છે. જો કે, દેશભરમાં પેટાચૂંટણી અને વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે કેન્દ્ર સરકાર સીએનજીના ભાવોને નિયંત્રણમાં રાખવા પ્રયાસો કરી રહી છે.

વૈશ્વિક સ્તરે ભાવ વૃદ્ધિના કારણે ભાવ વધ્યા છે. આ ભાવ વધારો અટકાવવા માટે સરકારે આયાત ડ્યૂટીમાં ઘટાડો કર્યો છે. જો કે, અત્યારસુધીમાં નેચરલ ગેસનો પુરવઠો ૨૦ ટકા સુધી ઘટાડ્યો છે. જેની અસર માર્કેટ પર થવાની સંભાવના છે.

નેચરલ ગેસના કાચા માલને ઓટોમોબાઈલમાં વપરાશ માટે સીએનજી અને ઘરમાં રાંધણ ગેસ માટે એલપીજીમાં કન્વર્ટ કરવામાં આવે છે. આ સપ્લાયમાં વાર્ષિક ધોરણે ૫ ટકા કાપ મુકવામાં આવે છે. સ્થાનિક રાંધણ ગેસનો પુરવઠો સ્થિર છે, જેમાં વધારો થવાની સંભાવના નથી. જો કે, સીએનજીનો પુરવઠો ઘટી રહ્યો હોવાથી સીએનજીના ભાવમાં વધારો થવાની શક્યતા છે.

મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે ચૂંટણી યોજાવાની છે. આગામી વર્ષની શરૂઆતમાં દિલ્હીમાં પણ વિધાનસભા ચૂંટણી યોજાશે. એવામાં સરકાર વધતી મોંઘવારીને અંકુશમાં લેવા પ્રયાસ કરશે. પરિણામે સીએનજી પર આયાત ડ્યુટી ઘટાડી શકે છે. મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં સીએનજી આધારિત વાહનોની સંખ્યા વધુ હોવાથી સરકાર તેના ભાવમાં વધારો થતાં અટકાવશે.

# ખાનગીકરણ વિરુધ્ધ રાષ્ટ્રીયકરણ-ઘડિયાળના કાંટા અવળા ફેરવવાની કવાયત??

રાજુ રદી લખનૌના નવાબ વાજિદઅલી જેવા જરકસી જામા પહેરીને કેડેથી ઝૂકીને આવકારતો હોય તેવી મહારાજાની મુખમુદ્રા કરી કુર્નિશ બજાવતો મારા ઘરમાં પ્રવેશ્યો!!

" રાજુ. શું વેશ કાઢ્યો છે? કોઇ નાટક કંપની જોઇન કરી? ભાલો પકડવાનો રોલ મળ્યો છે કે શું? કે તારું ચોકઠું ગોઠવાઈ ગયું કે શું?'' મેં રાજુને પૂછયું

" કેમ હું રાષ્ટ્રની ખુશીને સેલિબ્રેટ ન કરી શકું?'' રાજુ રદીએ સામો સવાલ કર્યો!!

" રાજુ. પંદર ઓગષ્ટની ઉજવણી થઇ ગઇ.હવે શેની ઉજવણી?'' મેં પૂછયું

"ગિરધરભાઇ , આપણી એર ઈન્ડિયા નામની કોડીલી, કામણગારી, કમનીય દીકરીનું મહામહેનતે છેવટે ટાટા જોડે ગોઠવાઈ ગયું .ધીના ઠામમાં ધી પડી ગયું.તેની મને ખુશી થઇ છે!! તમને ખુશી થઇ કે નહીં??''રાજુએ મને ભીડવ્યો!!

" રાજુ આ વેશ કાઢયો એ કોઇ એર લાઇનનો મેસ્કોટ છે. મેસ્કોટ એટલે શું એ તને ખબર છે?'' મેં રાજુને પૂછયું.

" વેરી સિમ્પલ! અસ્તવ્યસ્ત કોટ હોય તેને મેસ્કોટ કહેવાય.શું કહો છો ગિરધરભાઇ?''

" ના, વૈશાખીનંદન(એટલે ગર્દભ ઉર્ફે ગધેડા) !!!મેસ્કોટ એટલે કોઇ વ્યકિત, રમકડું ,પ્રાણી,અથવા હેતુને સંસ્થા કે કંપની દ્વારા ઈવેનિટ માટે શુભેચ્છાના પ્રતીક તરીકે સ્વીકાર કર્યો હોય.ઓલિમ્પિક આયોજન સમયે દરેક વખતે નવો મેસ્કોટ લોંચ કરવામાં આવે છે.મિરોતાવા(સૈર્ટ્ટિ) ટોકિયો ઑલિમ્પિક-૨૦૨૧નો મેસ્કોટ હતો.મહારાજા એર ઈન્ડિયાનો મેસ્કોટ હતો.'' મેં રાજુને મેસ્કોટ પુરાણ સમજાવ્યું.

"ગિરધરભાઇ . આ મેસ્કોટ કોણે બનાવ્યો અને ક્યારે બનાવ્યો?'' રાજુએ સત્ય નારાયણની કથા જેવો લોક કલ્યાણકારી સવાલ પૂછ્યો.

" હે! વત્સ એર ઈન્ડિયાના કોમર્શિયલ ડાયરેકટર સૌરાબ કેકુશરું અને બ્રિટિશ એડવર્ટાઇઝિંગ એજન્સી જે. વોલ્ટરના આર્ટિસ્ટ ઉમેશરાવે મળીને ૧૯૪૬ માં બનાવેલ હતો. મહારાજા મેસ્કોટ ઉધોગપતિ સૈયદ વાજ્દ અલી પર આધારિત છે. સૌરાબ સૈયદ સાહેબની મૂછથી પ્રભાવિત હતા.મહારાજા મેસ્કોટ દુનિયાભરમાં જાણીતો છે. તેને ઘણા એવોર્ડઝ મળેલ છે. ૧૯૮૯માં મહારાજાને મેસ્કોટ તરીકે હટાવવાનો નિર્ણય લેવાયો પણ જે. આર. જા. ટાટાની દરમિયાનગીરીથી નિર્ણય પરત ખેંચાયો હતો.અમદાવાદમાં દર સપ્તાહે અમૂલની જાહેરાતના બોર્ડ બદલાય ત્યારે નવી જાહેરાતનું કન્ટેન્ટ જાણવા લોકોની ઉત્સુકતા રહેતી હતી એ જ રીતે દક્ષિણ મુંબઈમાં એર ઈન્ડિયાની જાહેરાતના હૉર્ડિંગ જોવા લોકો કેમ્પસ કોર્નરવાળા રસ્તેથી થવા ઘરે જવાના રૂટિન રૂટમાં ફેરફાર કરતા હતા.'' મેં રાજુને વિસ્તારથી કહ્યું.

" ગિરધરભાઇ . મહારાજા મેસ્કોટની જાહેરાતમાં ક્યારે સુરતી લોચો લાગેલો?'' રાજુએ સળી કરી.

" રાજુ. એક વાર મહારાજાનું જેન્ડર ચેઇન્જ કરી જાહેરાતમાં મહારાણી બનાવાયા. એક પણ નયા પૈસાના ખર્ચ વિના સેકસ ચેન્જની શસ્ત્રક્રિયા વિના મહારાજા કમ મહારાણીએ પણ બેબી બમ્પવાળા એટલે કે સગર્ભાના વસ્ત્રો પહેરેલા હતા. કાગનું બેસવું ને ડાળનું પડવું- કાકતાલિકા અલંકાર ન્યાયે જોગાનુજોગ બ્રિટનના મહારાણી સગર્ભા હતા!! જેથી જાહેરાત માટે ઇંગ્લેન્ડે સત્તાવાર રીતે ઉગ્ર વાંધો નોંધાવતાં જાહેરાત પાછી ખેંચવી પડી હતી.'' મેં રાજુને રાજકી બાત બતાવી.

" ગિરધરભાઇ.પૃથ્વી ગોળ છે તે ભૌગોલિક સત્ય ફરીવાર સાબિત થયું. માનો કે ધરતીનો છેડો ઘર છે.!''

"રાજુ. એ કેવી રીતે?''મેં ક્રોસ કવેશ્ચન કર્યો.

" ગિરધરભાઇ.દેશને આઝાદી મળી પછી સમાજના દરેક વર્ગો ખાસ કરીને ગરીબ અને છેવાડાના માણસોનો સર્વ સમાવેશ વિકાસ થાય,આઝાદીના ફળો તેમના સુધી પહોંચે તે માટે જબરદસ્ત રાજકીય ઈચ્છાશક્તિ હતી. સમાજવાદનો ઘેરો પ્રભાવ હતો. ખાનગીકરણના દૂષણોથી ખેડુતો, વેપારી, મુસાફરો, ગ્રાહકો કર્મચારીનું શોષણ થતું હતું. ખાનગી એટલે ખરાબ એવી જનમાનસમાં છાપ હતી.એટલે બેઠકોનું, હવાઈ સેવા, વીમા કંપનીઓ લહેરોનું રાષ્ટ્રિયકરણ કરવાની મુહિમ છેડાયેલી હતી. આ સિલસિલામાં જે.આર.ડી ટાટાએ ૧૯૩૨માં સ્થાપેલ ટાટા એરલાઇન્સનું ભારત સરકારે એર કોર્પોરેશન્સ એકટ બનાવી ૧૯૫૩મા રાષ્ટ્રિયકરણ કરી ખરીદી લીધેલી. નફો કરતી એરલાઇન્સ સતત રાજકીય દખલ અને બાબુઓએ લીધેલા અપરિપકવ, બિન વ્યવસાયિક નિર્ણયોને લીધે ખોટનો કુવો થઇ ગઇ. તેને સરકારે વેચવા કાઢી અને એર ઈન્ડિયા પાછી ટાટાના ખોળામાં જઇ ચઢી. એર ઈન્ડિયા વરસો પહેલાં યુવતી તરીકે કુંભના મેળામાં ખોવાઈ ગયેલી અને પાછી મળી ત્યારે યુવતીમાંથી વયોવૃધ્ધા બની ગયેલી!!'' રાજુએ અથ થી ઈતિ કથા કહી.

"રાજુ. મને એક સવાલનો જવાબ દે. આઝાદી વખતે સમાજવાદ-સામ્યવાદની મિશ્ર અસરને લીધે ખાનગીકરણ વિનાશાસુર, શોષણાસુર હતો. તેને ખત્મ કરવા જેમ રાક્ષસો સામે લડવા માટે અત્રી ૠષિના હાડકાંમાંથી વજ્ર બનાવી દેવાધિદેવ ઈન્દ્રને અર્પણ કરેલ તેમ રાષ્ટ્રિયકરણનું અમોઘ શસ્ત્ર બનાવેલું હતું. આજે ઘડિયાળના કાંટા અવળા ફેરવી સરકારી એટલે ખરાબ તેવી માનસિકતા સાથે મોનિટાઝેશનના રૂડા રૂપાળા નામે સરકારી મિલકતો પાણીના ભાવે પધરાવવાની બાબત પારસ્પરિક વિરોધાભાસી છે. ખાનગીકરણ વિરૂધ્ધ રાષ્ટ્રિયકરણના દ્વન્દમાં પ્રજા લેવાદેવા વિના પિસાય છે!!''

આ વાત સાંભળીને રાજુ રદીનો ચહેરો દીવાલ ઘડિયાળના લોલક જેવો બની ગયો અને રાજુ લોલકની જેમ અથડાતો તેના ઘર તરફ ભાગી ગયો!!

ભરત વૈષ્ણવ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન શ્રી પેડ્રો સાચેઝ આગામી ૨૮ ઓક્ટોબરે લેશે વડોદરા શહેરની મુલાકાત



ગાંધીનગર, ૨૧ ઓક્ટોબરઃ આગામી ૨૮ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન શ્રી પેડ્રો સાચેઝ વડોદરા શહેરની મુલાકાતે આવી રહ્યા છે. બંને મહાનુભાવોના આગમનને ધ્યાનમાં લઈને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, ડિવાઈડરો, ફૂટપાથ અને જાહેર સ્થળોની સાફસફાઈ કરવામાં આવી રહી છે, તેમજ રોડ-રસ્તાઓના સમારકામની કામગીરી પણ તેજ ગતિએ ચાલી રહી છે. શહેરના જાહેર માર્ગોને શોભાયમાન બનાવવા માટે રંગરોગાન અને વૃક્ષારોપણ જેવા કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.હાલમાં આવેલી પૂરની આપદા બાદ શહેરના મુખ્ય વિસ્તારોમાં થયેલાં નુકસાનને ઠીક કરવામાં વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર દિવસ-રાત મહેનત કરી રહ્યું છે. ખાસ કરીને પૂરના કારણે રસ્તા પર પડેલા ભૂવા અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહ્યું છે.વડોદરા શહેરની આગવી ઓળખ એવી એમ.એસ. યુનિવર્સિટી, કીર્તિ મંદિર, ન્યાય મંદિર અને લક્ષ્મીવિલાસ પેલેસને આકર્ષક અને વિશિષ્ટ લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે અને સાથે ત્યાં રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે વડોદરા શહેરના મુખ્ય માર્ગોની બંને બાજુની દીવાલો પર દોરવામાં આવેલા ગ્રેફિટી ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વડોદરા ખાતે મહત્વાકાંક્ષી એરબસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. આ એક 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ છે, જે સ્વદેશી વિમાનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રીએ બે વર્ષ પહેલા, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વડોદરા ખાતે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો, અને આજે બરાબર બે વર્ષ પછી તેઓ આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરી રહ્યા છે. આ બાબત તેમના એ વાક્યને ફરી એકવાર પ્રતિબિંબિત કરે છે, તેમના નેતૃત્વ હેઠળની સરકાર જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરે છે, તેનું લોકાર્પણ પણ કરે છે. વડોદરા ખાતેનો ટાટા એરબસ પ્રોજેક્ટ ભારતીય વાયુસેના માટે પરિવહન વિમાનોનું ઉત્પાદન કરશે અને સંરક્ષણ ક્ષેત્રે નવી ઉડાનનુ નિમિત્ત બનશે. દેશના આર્થિક વિકાસ માટે ખૂબ જ મહત્વના પ્રોજેક્ટ માટે જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન શ્રી પેડ્રો સાચેઝ વડોદરા આવી રહ્યા છે, ત્યારે સમગ્ર વિશ્વ ભારત અને સ્પેનના મૈત્રીપૂર્ણ સંબંધોનું સાક્ષી બનશે. ઉલ્લેખનીય છે કે, ભારત અને સ્પેન, બંને દેશોની અત્યંત મહત્વની દ્વિપક્ષીય બેઠક બંને વડાપ્રધાનશ્રીઓ વચ્ચે વડોદરામાં યોજાઈ રહી છે, જેના ઉપર સમગ્ર વિશ્વની નજર હશે. તેથી જ શહેરમાં સુરક્ષાની પણ વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. કોઈ અનિચ્છનીય બનાવ ના બને એ માટે પોલીસકર્મીઓ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા શહેરના દરેક મુખ્ય વિસ્તારમાં કડક સુરક્ષા બંદોબસ્ત ઊભો કરવામાં આવ્યો છે.

## આદરણીય રાષ્ટ્રીય સંત ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ વિજય લેખેદ્રસુરીશ્વરજી મ.સા. મહારાજ સાહેબના સાનિધ્યમાં

સુરેન્દ્રનગર બીજેપી બક્ષીપંચ મોરચા ના પ્રભારી શ્રી ચમનભાઈ સિંધવ મો. ૯૪૨૮૨૦૦૧૦૯ ની યાદી જણાવે છે કે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલા સૂત્ર ઘર ઘર ગાય ને સાર્થક કરતા શરદ પૂનમના પવિત્ર દિવસે, શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ જૈન મંદિર પાનવા (દસાડા) શ્રી પદ્માવતી જૈન ગૌશાળા ખાતે પરમ આદરણીય રાષ્ટ્રીય સંત ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ વિજય લેખેદ્રસુરીશ્વરજી મ.સા. મહારાજ સાહેબના સાનિધ્યમાં પાંચ પુંગાનુર ગાય વંશનું આગમન થયેલ. આ પાંચ ગૌ માતાના પૂજન કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ વર્ષાબેન દોશી, ભાજપ અગ્રણી અને ગુજકોમાસોલ ગુજરાતના ડાયરેક્ટર શ્રી જેસીંગભાઈ ચાવડા, ભાજપ અગ્રણી શ્રી દિલીપભાઈ પટેલ અને પક્ષના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુંગનુર ગાય મોટાભાગે ભારતના આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લામાં જોવા મળે છે. આ ગાયની વિશેષતા એ છે કે તે માત્ર ૫ કિલો ચારાની મદદથી દરરોજ ૩ લીટર જેટલું દૂધ આપે છે. પુંગનુર ગાય તેના નાના કદ માટે પ્રખ્યાતઃ પુંગનુર ગાયની ઊંચાઈ લગભગ કૂતરા જેટલી, એટલે કે માત્ર અઢી ફૂટ જેટલી હોય છે. એક દિવસમાં ૫ કિલો ચારો ખાય છે અને દિવસમાં ત્રણ લિટર દૂધ આપે છે.

# સીએમ આતિશીએ દિલ્હીની ખરાબ હવા અને પાણીની ગુણવત્તા માટે હરિયાણાને જવાબદાર ગણાવ્યું હતું

નવી દિલ્હી

દિલ્હીમાં વધી રહેલા વાયુ અને જળ પ્રદૂષણ અંગે ચર્ચા કરતી વખતે દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈને ભાજપ પર નિશાન સાધ્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં આતિશીએ કહ્યું કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સાથે યમુનામાં જળ પ્રદૂષણ પણ વધી રહ્યું છે. તેનું સૌથી મોટું કારણ ભાજપની ગંદી રાજનીતિ છે. સીએમ આતિશીએ કહ્યું કે, દિલ્હીમાં વધતા પ્રદૂષણનું મુખ્ય કારણ પરાઠા સળગાવવાનું છે, પરંતુ પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યા બાદ ધૂળ બાળવાની ઘટનાઓમાં ૫૦% ઘટાડો થયો છે. સીએમએ આક્ષેપ કર્યો હતો કે હરિયાણા અને ઉત્તર પ્રદેશની ભાજપ સરકારો પરાળ બાળવાને રોકવા માટે કોઈ નક્કર પગલાં લઈ રહી નથી.

આનંદ વિહાર જીન્નું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે દિલ્હીમાં ઝદ્દચઅને ઈલેક્ટ્રિક બસો દોડાવવામાં આવી રહી છે. જ્યારે અન્ય રાજ્યોમાંથી ડીઝલ બસો આવી રહી છે જેના કારણે પ્રદુષણ વધી રહ્યું છે. તેમણે વધતા પ્રદૂષણ માટે ઉત્તર પ્રદેશ અને હરિયાણાના ઈંટના ભઠ્ઠાઓ અને થર્મલ પાવર પ્લાન્ટ્સને પણ જવાબદાર ઠેરવ્યા હતા. યમુનામાં વધતા ફીણ અને પ્રદૂષણ પર બોલતા, આતિશીએ કહ્યું કે હરિયાણામાંથી ૧૬૫ સ્ન્દ્ઘ અને ઉત્તર પ્રદેશમાંથી ૫૫ સ્ન્દ્ઘ ઔદ્યોગિક કચરો દરરોજ યમુનામાં છોડવામાં આવી રહ્યો છે, જેના કારણે જળ પ્રદૂષણ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે દિલ્હી સરકાર આ સમસ્યાના નિરાકરણ માટે સતત કામ કરી રહી છે અને આ સાથે તેમણે કહ્યું કે જો ભાજપ આ માટે કડક પગલાં નહીં ભરે તો જરૂર પડશે તો અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું.

છછઁ નેતા સત્યેન્દ્ર જૈને પણ પ્રેસ કોન્ફરન્સમાં ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે આમ આદમી પાર્ટીની સરકારે યમુનાને સાફ કરવા માટે મોટા પાયા પર કામ કર્યું છે. તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો કે તે યમુનાને સાફ કરવા દેવા માંગતી નથી કારણ કે તેનાથી તેમના રાજકીય હિતોને અસર થાય છે. તેમણે કહ્યું કે હરિયાણામાંથી લગભગ ૨૦૦ સ્ન્દ્ઘ ઔદ્યોગિક કચરો પાણી બાદશાહપુર નાળા દ્વારા પમ્પ કરવામાં આવે છે. અને જ્યારે અમે અવાજ ઉઠાવીએ છીએ ત્યારે અમારી ધરપકડ કરવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યું કે ભાજપના લોકો માત્ર ફોટોગ્રાફ લેવા આવે છે. યમુનામાં ફીણ નથી બનતું બસ, યુપી સરકાર કાલિંદી કુંજમાં બેરેજ ચલાવે છે, તેના દરવાજા બંધ થવાને કારણે ફીણ બની રહ્યું છે. તેણે કહ્યું, હવે બધા દરવાજા ખોલો, ફીણ નીકળી જશે. તેમણે એમ પણ કહ્યું કે બનારસમાં દિલ્હી કરતાં વધુ પ્રદૂષણ છે. દિલ્હીના તમામ થર્મલ પાવર પ્લાન્ટ બંધ છે પરંતુ એનસીઆરમાં થર્મલ પાવર પ્લાન્ટ ચાલી રહ્યા છે અને ૩૦૦૦ ઈંટના ભઠ્ઠા ચાલી રહ્યા છે. જેના કારણે પ્રદુષણ વધી રહ્યું છે.

# આવનારા સમયમાં ભારત અમારું ગ્રોથ એન્જિન બનશે : SIGના CEO

બજારની દૃષ્ટિએ ભારત દરેકનું પ્રિય બની રહ્યું છે. તેનું કારણ એ છે કે ભારત ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં બધું બદલાઈ ગયું છે. ભારત પરિવર્તન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારત એકમાત્ર એવો દેશ છે જેની અર્થવ્યવસ્થા ૪ ટ્રિલિયન રૂપિયા છે અને વિકાસ દર ૮ ટકા છે. આ જ કારણ છે કે ઘણી મોટી કંપનીઓ ભારતમાં પોતાનો બિઝનેસ સ્થાપિત કરવા માંગે છે. ભારતમાં બિઝનેસ સ્થાપવા અંગે, એસેપ્ટિક કાર્ટન પેકેજિંગ માટે સિસ્ટમ્સ અને સોલ્યુશન્સ પ્રદાન કરતી કંપની જીંૈંના ઝઈ સેમ્યુઅલ સિગ્રિસ્ટે ભારત વિશે એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે આવનારા સમયમાં ભારત આપણું વિકાસ એન્જિન છે. સિગ્રિસ્ટે કહ્યું કે મેં દુનિયામાં એવું કોઈ માર્કેટ જોયું નથી, જ્યાં અમે ભારતમાં જેટલી ઝડપથી બિઝનેસ સ્થાપિત કરી શક્યા હોય. જીંૈં ના ઝઈએ કહ્યું કે ભારતીય બજાર આવનારા સમયમાં કંપની માટે ગ્રોથ એન્જિન બનશે. સેમ્યુઅલ સિગ્રિસ્ટ સ્વિસ નાગરિક છે અને ૨૦૧૭ થી મધ્ય પૂર્વ સંયુક્ત સાહસના ઝર્ઙ્ઘ અને અધ્યક્ષ તરીકે કામ કરી રહ્યા હતા. તેઓ ૧ જાન્યુઆરી, ૨૦૨૧ થી જીંૈંગ્રુપના ઝઈ બન્યા. સિગ્રિસ્ટે કહ્યું કે ૨૦૧૮માં ભારતીય બજારમાં પ્રવેશ્યા બાદ કંપનીએ એક ઉત્તમ પ્લેટફોર્મ બનાવ્યું છે. હાલમાં કંપની ઘણી અગ્રણી ભારતીય ડેરી અને બેવરેજ કંપનીઓ સાથે મળીને કામ કરી રહી છે.તેમણે જણાવ્યું કે ૨૦૨૩માં ભારતમાંથી જીંૈંની વાર્ષિક આવક ૧૦ થી ૧૩ ટકાની વચ્ચે હતી. તે જ સમયે, બજાર કાયમી ધોરણે ૧૦ ટકાથી વધુના દરે વધી રહ્યું છે. એવી ધારણા છે કે જીંૈંનો વિકાસ દર બજાર કરતા ઊંચો રહેશે. ભારતમાં પ્રવેશ્યા પછી, સિગ્રિસ્ટની કંપની જીંૈં એ અત્યાર સુધી અમૂલ, પારલે એગ્રો, કોકા-કોલા, પેપ્સીકો, મિલ્કી મિસ્ટ અને હમદર્દ જેવી કંપનીઓ સાથે કામ કર્યું છે.

# ૨૩ ઓકટોબર ડીજી ઓફિસ બહાર કોંગ્રેસ પક્ષ, દલિત સંગઠનો, સામાજિક સંગઠનો દેખાવો

ગુજરાતમાં દલિત સમુદાયના હક્ક અને અધિકાર માટે સતત કોંગ્રસ પક્ષ લડતું રહ્યું છે ત્યારે દલિત સમાજના લોકોના પ્રશ્નોને રજૂઆત કરવા ગયેલા કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા જનપ્રતિનિધિ સાથે અણછાજતું, અહંકારી, તુંડમિજાજી, પ્રોટોકોલ વિરુદ્ધ અયોગ્ય વર્તન કરતા એડી.ડીજીપી રાજકુમાર પાંડિયનને સસ્પેશનની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી અને વડગામના ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં દલિત સમાજના લોકો મળવા પાત્ર હજારો એકર જમીન પર માથાભારે અસામાજિક તત્વો, ગુંડાતત્વો દ્વારા દબાણ કરવામાં આવ્યું છે ત્યારે ગુજરાતના લાખો દલિતના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે વારંવાર સુરેન્દ્રનગર અને કચ્છ સહીત જુદા જુદા જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે લેખિત અને મૌખિક રજૂઆત છતાં કોઈ નક્કર પરિણામ ન મળતા ગત તારીખ ૧૫ ઓકટોબરએ ગુજરાત સીઆઈડી અને એસસી, એસટી, માનવ અધિકારના અધિક પોલીસ મહાનિરીક્ષકશ્રી રાજકુમાર પાંડિયન સમક્ષ રજૂઆત કરવા ગયા હતા. દલિત સમાજના હક્ક અધિકારના પ્રશ્નો અંગે રજૂઆત સંભાળવાને બદલે અણછાજતું, અહંકારી, તુંડમિજાજી, પ્રોટોકોલ વિરુદ્ધ અયોગ્ય વર્તન કરતા શ્રી રાજકુમાર પાંડિયન દ્વારા ચૂંટાયેલા જનપ્રતિનિધિને મોબાઈલ બહાર મૂકી આવી, ટી-શર્ટ કેમ પહેરી છે? જેવા બિનજરૂરી પ્રશ્નો પૂછી સરકારી અધિકારીના પ્રોટોકોલનો ભંગ કરી અપમાનિત ભર્યું વર્તન કર્યું હતું. કોઈ પણ સરકારી અધિકારીઓના તુંડમિજાજી, અહંકારી વર્તન ગુજરાતમાં ચલાવી ન લેવાય. જનતાની સેવા કરવા બેઠેલા અધિકારીઓને સરકારી ઓફીસ પોતાના બાપની ઓફીસ સમજી વર્તે તે યોગ્ય નથી.




દલિત સેકસ વર્કર્સ ના સંમેલનમાં સહભાગી થયા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ ના ચેરમેન કિશોર મકવાણા..૧૯ ઓકટોબર ના રોજ મૈસુર ખાતે આશોદય સમિતિ દ્વારા વિશાળ સેકસ વર્કર બહેનો નું સંમેલન યોજાયું હતું.કિશોર મકવાણા એ આ સેક્સ વર્કર બહેનોની સમસ્યાઓ જાણવા મુલાકાત લેતા માલૂમ પડ્યું કે આ બહેનો પાસે આયુષ્યમાન કાર્ડ કે સરકારી રેશનકાર્ડ કે જરૂરી સરકારી દસ્તાવેજો નથી જેના કારણે આર્થિક કટોકટી નો સામનો કરી થઈ છે તે બાબતે અને આરોગ્ય એચ.આઇ.વી બાબતે જાણકારી આપી..સરકારી સવલતો આપવાની જાહેરાત પણ કરી

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS NO: 202**
વિષયઃ સમય સમયનાં વહેણ
શીર્ષકઃ "સમય "
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ૧૩૪

સમય છે ભાઈ મારા સૌનો બદલાય છે,
આજનો અભિમાની રાજા, કાલે રંક બની જાય છે.
સમય છે...
બહું હવામાં ઉડતો આજે ભોંય પછડાય છે,
અક્કડ થઈ ચાલતો, બહુ ઠોકર એ ખાય છે.
.... સમય છે...
કાલે મહેલમાં ફરતો, આજે ઝૂંપડીએ જાય છે,
કાલે મોટરમાં ફરતો, આજે ચાલતો થઈ જાય છે.
.... સમય છે...
એશ-આરામમાં રાચતો, આજે ઘર-ઘર ઠોકર ખાય છે,
પકવાન આરોગતો, આજે સૂકો રોટલો પણ ખાય છે.
..... સમય છે...
કાયમ પાસે રહેનારા મિત્રો પણ દૂર થતાં જાય છે,
બીજાને અપમાનીત કરનાર, ખુદ અપમાનીત થાયછે,
..... સમય છે....
ગરીબ પણ જાત મહેનત થકી અમીર બની જાય છે,
સમયનું છે આં એવું ચક્ર, જે કાયમ ફરતું જાય છે.
...... સમય છે....

ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ).કઠલાલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 366**
શિર્ષકઃ સમય સમયની વાત
વિષયઃ સમય સમયના વહેણમાં
શબ્દ સંખ્યાઃ ૮૬. પ્રકારઃ પદ્ય

જીવતા ઠેબાય છે ને મરતા પૂજાય છે
સમય સમયની વાત છે વ્હાલા
અહીં રૂદિયામાં પાણો ને પત્થર પૂજાય છે

કરી નાં કદર કદી જીવતા મનેખની
ને ઠાઠડીનાં હારોહાર બાળવાને જાય છે
પૂછ્યા નાં હાલ કદી દીધાં નાં રોટલા
શરાદના નામે પછી દૂધપાક દેવાય છે

મારું મારું કરતાં મરી રહ્યાં રાત - દિન
ધન અને દોલત માટે ઝુરતા દેખાય છે
અંતે તો રાખ થઈ ભળી જવાના રામમાં
છતાંય કાળચક્રમાં હરકોઈ અટવાતા જોવાય છે.

યોગી ઉમા 'શબ્દ સ્યાહી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 372**
વિષય : સમય સમયનાં વહેણ
શીર્ષક : સમય
શબ્દો :. ૨૫૨ ગદ્ય

સમયની આપણી સમજ એટલે ઘડિયાળ. ઘડિયાળના ટકોરે દોડતું જીવન. માયા નગરી મુંબઈની જિંદગી રેલવેની પટરીઓ ઉપર દોડે છે, તેમાં સમયપાલનની ચોક્કસ મિનિટોનું ધ્યાન રાખવું પડે છે જેમ કે છ ને પાંચ, આઠ ને વીસ...

હકીકતમાં સમય એ આપણા હાથમાંથી સરી જતી ક્ષણો છે. સમય આદિ અનાદિકાળથી છે અને રહેશે. આપણી જિંદગીના વર્ષો મર્યાદિત હોય છે એટલે સમયને સાચવવાની વાત છે. કહેવાય છે કે જે સમયને સાચવે છે, સમય એને સાચવે છે. સંજોગો અનુકૂળ હોય તો સમય આપણો લાગે છે અને પ્રતિકૂળ સંજોગોમાં સમય આપણો નથી લાગતો, એટલે વ્યક્તિને પોતાનો સમય સારો ચાલે છે અથવા પોતાનો સમય ખરાબ ચાલે છે એમ અનુભવાય છે. ખરાબ લાગતા સમયમાં દુઃખનું ઓસડ દહાડા એ ન્યાયે ધીરજ ધરવી અને પરમ પિતા પરમાત્મા પર ભરોસો કરવો એ જ વિવેક છે.

સમય એ સાક્ષી ભાવ છે. બનતી ઘટનાઓને એ સાક્ષી ભાવે નિહાળ્યા કરે છે. સારી કે નરસી બનતી ઘટનાઓમાં સમયનો પોતાનો કોઈ જ રોલ ન હોઈ શકે. અનાદિકાળમાં ઘટેલી ખગોળીય ઘટનાઓ અને એમાંથી સર્જાયેલ પૃથ્વી તથા પૃથ્વી ઉપર વિકસતી જીવ સૃષ્ટિનો પણ એ સાક્ષી છે. સમયે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની કરુણા પણ જોઈ હશે, અને મંથરા અને કૈકેયીની ખટપટો પણ જોઈ હશે. શ્રીકૃષ્ણની મુરલીના નાદથી યમુનાના થંભી જતા નીર પણ જોયા હશે અને શકુનીના પ્રપંચ પણ જોયા હશે. દુનિયાભરમાં સર્જાયેલા મહાયુદ્ધો, કુદરતી આફતો, પ્રલય જેવી અનેક ઘટનાઓનો સમય મૂક સાક્ષી રહ્યો હશે તો સતયુગના રામરાજ્ય જેવા સુખ પણ જોયા હશે.

મનુષ્યનું કર્મ અને કિસ્મત પોતે જ જવાબદાર છે એના સુખ અને દુઃખ માટે. આમ છતાં, કેમકે મનુષ્યના જીવનભર માટેનો સમય મર્યાદિત હોઈ એનો પોતાના હિતમાં મહત્તમ ઉપયોગ કરી લેવો જોઈએ.

સંજય બી. મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષયઃ- વહેતો સમય
શબ્દોઃ- ૮૬
શીર્ષકઃ- સમયના શતરંજી દાવ

હાલ તારો સમય ચાલી રહ્યો છે ફાંકડો;
ને મારો સમય પણ આવશે જ પાક્કો.

રહ્યો નાજુક ફાસલો આ તારો ને મારો;
જરીક અહમથી ઊંચે ઊઠીને તો તું જો.

કાળની ગતિ ન્યારી જુવો આ પ્રમાણે તો,
બનાવે છે રાય ને રંક! માટે ફદીયાંને ના રો'.

ઈશ શતરંજી બાજી બિછાવીને બેઠો!
સહુ કાળચક્રમાં ગોઠવેલાં પ્યાદાં છે જો!

રમી દાવ અગોચર, પાસાં એવાં ફેંકતો!
અહીં વારો પહેલાં કે પછી સૌનો આવતો.

સમય તો હતો, છે ને સદાય રહેશે ફરતો,
અખિલ બ્રહ્માંડે એ કાળધર્મે રહે વહેતો!

ડૉ. મનીષા વ્યાસ..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- સમય સમયના વહેણ
શીર્ષક :- સમય દર્શન
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૧૦

સમય જ સંસાર, વ્યવહાર, સમય બપોર ને સાંજ;
સમયના ત્રિખંડ બચપણ, યુવાની, વૃદ્ધાવસ્થા પમાય.

પ્રિય મિલને સમય સદા ટૂંકો, વિરહે લંબાતો જાય;
બનાવે સમય જ રાજા અને રંક, જીવન રંગભૂમિ અનુભવાય.

ક્યાં છે સમય? તમારા મનની સાપેક્ષતા સિવાય;
સ્વપ્ન, ધ્યાન અને સહજ સમાધી સમય અદ્રશ્ય થાય.

જ્યારે જુઓ સર્વ સાક્ષીભાવે, સમય દર્શન થાય.
સમય સર્વને નચાવે, મહાકાલ પાસે ઝૂકી જાય.

સમય બલવાન રંક ને રાઈ, રાઈનો પર્વત થાય;
મળે જો સદગુરુ સાન્નિધ્ય, આત્મ પ્રકાશ પમાય.

સમય દર્શન સમ્યક થાય, જીવન મરણ પામી જવાય;
સમય દર્શન થતા, દ્રષ્ટા જ સત્યમ્, શિવમ્, સુન્દરમ્ પ્રગટ થાય.

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : સમય સમયનાં વહેણ
શીર્ષક : 'સમયના વહેણે માનવતા પાંગરી'
ગદ્ય/પદ્ય : ગદ્ય-ટૂંકી વાર્તા, શબ્દઃ ૩૪૯

ડૉ.મયંકને જાણનાર અને નજીકથી ઓળખનાર દરેક વ્યક્તિને આશ્ચર્ય થતું કે ૧૫ વર્ષ પહેલાંના ડૉ.મયંક અને આજના ડૉ.મયંક બંને એક જ વ્યક્તિ છે કે જુદાજુદા. ૧૫ વર્ષ પહેલાંના ડૉ.મયંકની ગણના શહેરના એક વિખ્યાત યુવાન કેન્સર સર્જન તરીકે થતી હતી. તેમનું ક્લિનિક દર્દીઓથી ઉભરાતું હતું. મહિનાઓ સુધી તેમની અપોઈન્ટમેન્ટ મળતી નહોતી. બીજા ૧૦ વર્ષમાં તો પ્રતિષ્ઠા વધતાં તેમણે પોતાની ફી ખૂબ વધારી દીધી જે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા દર્દીઓ માટે પહોંચની બહાર થઈ ગઈ હતી. ડૉ.મયંકને પોતાની સફળતાનો અને પ્રતિષ્ઠાનો નશો ચડતો જતો હતો. હવે તે માત્ર પૈસાપાત્ર દર્દીના ડોક્ટર જ રહ્યા હતા.

ડૉ.મયંકની પત્ની નિરાલી ખૂબ સહૃદયી સ્ત્રી હતી. ડૉ.મયંક પત્ની નિરાલીને અત્યંત પ્રેમ કરતા, પરંતુ પૈસા અને પ્રતિષ્ઠાની સાથે ઘમંડી અને તોછડા બનતા જતા ડૉ.મયંક નિરાલીને જરાય ગમતા નહીં. નબળી આર્થિક સ્થિતિના દર્દીઓના તિરસ્કાર અને અપમાન નિરાલીને અત્યંત દુઃખી કરતાં અને તે અંગે ડૉ.મયંકને વારંવાર સમજાવવા કોશિશ કરતી કે દર્દ કોઈની ગરીબાઈ કે તવંગરતા જોઈને આવતું નથી. ઈશ્વરે જ્યારે હાથમાં હુન્નર અને કામયાબીનો કસબ આપ્યો હોય ત્યારે તેણે બધા દર્દીને સમાન ગણી પોતાની સેવાઓ આપવી જોઈએ. પરંતુ નિરાલીની આ સુફિયાણી સલાહ ડૉ.મયંક હસી નાખતો અને પોતાના ઘમંડને વિસ્તારતો જતો હતો.

સમયની થપાટ એવી વાગી કે પત્ની નિરાલી ગંભીર બીમારીમાં પટકાઈ અને તેને આંતરડાનું કેન્સર થયાનું નિદાન થયું. ડૉ.મયંકની પત્ની અને કેન્સરની બીમારી પછી તો સારવારમાં શું કમી રહે? દુનિયાના ખૂણે ખૂણે ઉપલબ્ધ નિષ્ણાત ડોક્ટર મિત્રોની સલાહ અને ખર્ચાળમાં ખર્ચાળ સારવાર પણ નિરાલીને બચાવી ન શકી. હસતા મોંઢે વિદાય લેતા પહેલાં નિરાલીએ ડૉ.મયંકનો હાથ પોતાના હાથમાં લઈ એક વચન માગ્યું કે તેના અવસાન પછી ડૉ.મયંક પોતાની જિંદગી પૈસા અને ઘમંડ પાછળ નહીં પરંતુ ગરીબ દર્દીઓની સેવા અને સારવાર પાછળ ખર્ચશે. આ તેના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ કહેવાશે.

આજે ડૉ.મયંકનું
આભાર - નિહારીકા રવિયા કેન્સર ક્લિનિક ગરીબ તવંગર કોઈપણ વ્યક્તિ માટે તબીબી સેવાનું મંદિર બની ગયું છે. ડૉ.મયંક સ્વયં રાત દિવસ પોતાના દર્દીઓની સેવામાં ખડે પગે હાજર રહે. કોઈપણ દર્દી પૈસાના અભાવે કેન્સરની સારી સારવાર ન મેળવી શકે એવું બનતું રોકવા તેમણે નિરાલી સારવાર અને સેવા ટ્રસ્ટની સ્થાપના કરી. કાળની થપાટે અને સમયના વહેણમાં સાચે જ ડૉ.મયંકના વર્તન અને વિચારોમાં ખરી માનવતા મહેકી ઉઠી.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 0050**
વિષય - સમય સમયનું વહેણ
શીષૅક- સમયની સાથે
શબ્દ - ૯૬
.......................................

સમય ટૂંકો પડે સુખમાં સમય લાંબો પડે દુઃખમાં ...!
સમય કાયમ સરખો નથી રહેતો...!
દરેક વખતે નવો લીબાસ ધારણ કરે છે...!
રેતીની જેમ હાથથી સરકે એ તો...!

સમયની આંગળી ઝાલી ચાલુ..?!
છોડુ તો સરી જાય..?!
રજને ગજ ને ,રાજાને રંક બનાવે...!
ચંચળ બાળક જેવો સમય...!

પરિવર્તનમાં માન તો આ સમય...!
સમયની ચાલને ક્યાં કોઈ સમજી શક્યું છે....!
સમયને વારસામાં મે લખી આપ્યો આ તો ખાલીપો...!
એકાંતમાં ચાખ્યો સમયને...!

ફરી શું ક્યાં સુધી માથે ભૂતકાળનો ભાર લઈને..!
નિરંતર અવિચળ પ્રવાહ છે સમય...!
ને પૃથ્વી લોકનો પ્રવાસ છે..!
અમૂલ્ય એવું ધન છે સમય...!

મહામૂલ્ય રતન છે...!
એને આમ જ ના વેડવશો...! સમયની સાથે ચાલતાં રહેજો..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 169**
વિષય - સમય સમયના વહેણ
શીર્ષક - સમયને માન આપજે
શબ્દ સંખ્યા - ૧૩૫

ઝાકળ સમ પળભરની મહેમાન આ જિંદગી,
શતરંજ સરીખી મજાની રમત રૂપાળી આ જિંદગી,

મનવા! ઓળખી લે, સમયને અને જીવી જા જિંદગી,
સમય સમયના વહેણ, જોઈ જાળવી તરી જા જિંદગી.

અક્ક?ડ ના બનીશ, પરિવર્તન એ સંસારનો નિયમ યાદ રાખ,
ઉંમરના પડાવે નમીને ઉજાગર કર આ જિંદગી.

બાળપણ, યુવાની, પૌઢાવસ્થા ને ઘડપણ મજાથી માણજે,
સમયના વહેણ ઘણુંબધું શીખવાડે, ધ્યાનથી શીખજે.

એકધાર્યું જીવન કોઈનું ક્યાં કદી ગયું? ધીરજ રાખજે,
ગમે કે ના ગમે, સમય સંગાથે ચાલવાની ટેવ પાડજે.

દુઃખમાં હૈયે હામ રાખજે સાથે હૃદયે કાયમ રામ રાખજે,
સામે પ્રવાહે તરીને, સવેળા એ સદા સમયને માન આપજે.

સમય ઘણું શીખવે છે, રંગમંચ સજાવવા સરવાળા શીખજે,
સબંધો રૂડાં સાચવવા ગણિત તારું કાયમ કાચું રાખજે.

લતાબેન ચૌહાણ.. "સોનાવેલ".. ગોધરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 321**
વિષય સમય સમય ના વહેણ
શબ્દ ૧૩૪. પ્રકાર ગદ્ય
શીર્ષક.આજકાલ

જીવન નો એક નિયમ છે કે સમય બદલાતો રહે છે.અને દરેક વ્યક્તિએ પોતાની જાતને એ સમય મુજબ ઢાળવાની હોય છે. કારણકે સમય તો વેહતો જ રેહવાનો છે. એ તમે જે દુનિયા માં જીવતા હતા એમાં પાછો ક્યારેય જવાનો નથી પણ જો તમે એ સમય ના વહેણ માં આગળ વધવા માટે તૈયાર નહિ હોય તો પાછળ તમે રહી જશો સમય નહિ . ભૂતકાળ વાગોળી વાગોળી જીવવા કરતાં વર્તમાન સમયમાં જીવી લેવું વધારે સારું અત્યારે જે છે અને જેવું છે એના માટે ઈશ્વરનો આભાર માની માણસ જીવી લે તો કદાચ એ ઓછો દુઃખી થાય આજ જે છે કાલ નથી હોવાનું અને કાલ જે આવશે એ નવી આજ હશે એટલે ભવિષ્ય , ભૂતકાળ કે આજકાલ ની માથાકૂટમા પડ્યા વગર આજની ઘડી રળિયામણી કરવી

લેખિકા સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***
વિષયઃ- સમય સમયનાં વહેણ
શીર્ષકઃ- વહેતો સમય
પ્રકારઃ- પદ્ય શબ્દ સંખ્યાઃ- ૯૭

સ્વપ્નોના સાથિયા કંકુથી દોર્યા હૃદયે, સમય સમયનાં વહેણે,
આવી સ્વાર્થની આંધી લાલચની, વહી સમય સમયનાં વહેણે,

અપેક્ષાઓના બોજોને લઈ, હંકારી મેં નાવડીને જીવન પંથે,
વિશ્વાસે વહાણ ખુદનું ડૂબ્યું, સમય સમયનાં વહેણોના પંથે,

શબ્દો કંડાર્યા ભાત ભાતના વાણીએ, નફરતી ભંડારો મળ્યા,
સમય સમયનાં વહેણે પગલાં પાડ્યાં, પારોઠના તોરણ મળ્યા,

મા-બાપના ઋણાનુબંધો, સમય સમયનાં વહેણે વહીને ગયા,
અશ્રુ ભીના નયને યાદોંના સથવારાએ, સ્વશ્વાસ વહેતા થયા,

દોસ્તીના મુકામે મુકામે ફર્યો, ખોટા ખુશામતી કિનારા મળ્યા,
પ્રેમી મિત્ર સાચો એક મળ્યો, સમયનાં વહેણે વિરમી ગયો,

સમય સમયનાં વહેણે હેતુ શોધ્યો, શુદ્ધ તત્વનો માર્ગ મળ્યો,
'ઝરૂખો' ચેતી સ્વમાં નિજાનંદે રહેતો, મુક્તિમાર્ગે રાહ મળ્યો.

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.: 0141***

★વિષયઃ "સમય સમયનાં વહેણ"★
★શીર્ષકઃ "સસ્તો ડ્રેસ"★
★શબ્દ સંખ્યાઃ ૩૫૦★

બંને માસીના ઘેર પહોંચ્યા ત્યારે બપોરનો સમય થઈ ગયો હતો. માસી વૃદ્ધ હતાં. તેમને સાંજના બરોબર દેખાયું નહિ, તે કાદવમાં લપસી પડેલાં. ડોકટરે પગની નળીમાં તિરાડ પડવાથી ઓપરેશન કર્યું. જમી પરવારી વળતાં બેઉં બજારમાંથી નીકળ્યાં. ગમતી ચીજવસ્તુ જોતાં જાય અને દામ વધારે લાગતાં પાછી મૂકી દેતાં હતા. રેવો અને હરખી - પતિપત્ની માસીની ખબર કરવા આવેલાં.

"અહીં તો આપણા લાયક સસ્તી કોઈ વસતું નથી. હેંડ ઘરભણી જઈય! ટેશન આઘુ સ અન જતાં વાર લાગ તો બસ ઉપડી જહ." રેવો બોલ્યો.
"થોડી ધરપત રાખાં ન, કાંક તાં લેવું સ. કાંઈ નય તો આપડી દિચરી પૂરી ઓલ તો લૉ. ઈમ કરાં ડરેસ લૈય. બસ નય જતી રૅ." હરખીએ વળતું કહ્યું.

બંને જણાં ડ્રેસની દુકાને ગયાં. ત્રણચાર ડ્રેસ જોયા. કિંમતમાં મોંઘા લાગવાથી પડતા મૂક્યા. દુકાનદારને ત્યાં સસ્તા ડ્રેસ નહોતા. બસનો સમય હોવાથી બંને નીકળ્યાં. રેવાએ પાછું વળીને નિરાશાથી દુકાન બાજુ જોયું. બહાર એક ડ્રેસ નમૂનાનો વળગાડેલો જોયો. તે પાછો આવ્યો, એની કિંમત પૂછી. દુકાનદારે કહ્યું, "તે બહાર હવામાં રાખેલો હોવાથી સારો નથી. રંગ ઊડી ગયો છે, તમારે જોઈએ તો સસ્તામાં આપી દઉં! બોલો?" રકઝક કરતાં પોસાય તે ભાવે ડ્રેસ ખરીદ્યો.

ઘેર આવીને દીકરીને ડ્રેસ પહેરાવ્યો. સરસ હતો. માપમાં હતો, દીકરી પણ ખુશ. પત્ની પણ ખુશ. બે દિવસ પછી ડ્રેસ મેલો થતાં તેને ધોયો તો ઠેકઠેકાણે ફાટી ગયો. બસની ઉતાવળમાં ડ્રેસની ખામીઓ જોવાનું રહી ગયેલું. તડકે રહેવાથી કાપડનું પોત બગડી ગયેલું. સસ્તું ખરીદવાની લહાયમાં પૈસા પાણીમાં પડી ગયાનો અહેસાસ બંનેને થયો. સમય સમયની બલિહારી. ગરીબાઈને લીધે હલકો ડ્રેસ લીધાનો ખટકો બંનેને લાગ્યો. એમણે નક્કી કર્યું કે, સખત મહેનત કરીને તેઓ પુત્રી માટે મનગમતાં વસ્ત્રો ખરીદશે.

સમય પલટાયો. બંનેની મહેનત રંગ લાવી. સારું એવું કમાવા લાગ્યાં. પોતાનો ધંધો શરૂ કર્યો. સારા સ્વભાવ અને નિષ્ઠાથી ધંધામાં પ્રગતિ થઈ. અત્યારે હાલ તેઓ એક નહિ પણ દસ મોંઘા મોંઘા ડ્રેસ ખરીદવાની શક્તિ ધરાવે છે. એમની પોતાની ડ્રેસની બેબે દુકાન છે અને એમાંની એક દુકાન એમની પુત્રી પૂરી ચલાવે છે. તેઓએ એક નિયમ રાખ્યો છે કે કોઈ ગરીબ આવે તો ભાવ ઓછા કરીને સારા ડ્રેસ આપવા.

'રેવો' રેવાભાઈ, હરખી 'હસુમતી' અને દીકરી પૂરી 'પૂર્વા' બની ગયાં છે.
"સમય સમયનાં વહેણ" છે.

★લેખકનું નામઃ રસિકભાઈ વ પરમાર "રવ"★

# ૧૬મું ફાયનાન્સ કમિશન ગુજરાતની મુલાકાતે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં ફાયનાન્સ કમિશન સાથેની બેઠકમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે ગુજરાત જેવાં જે રાજ્યો ફિસ્કલ પ્રુડન્ટ ડિસિપ્લિન્ડ રીતે જાળવે છે તેમને આ માટે કમિશન દ્વારા રીવોર્ડઝ મળવા જોઈએ.આના પરિણામે આવા રાજ્યોના જવાબદાર નાણાં વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ ખર્ચને ઓળખ મળશે એટલું જ નહી, અન્ય રાજ્યો પણ આ માટે પ્રેરિત થશે. ૧૬મું ફાયનાન્સ કમિશન તારીખ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના ઉપલબ્ધ કરાવવાનું છે. આ સંદર્ભમાં અહેવાલ આખરી કરતાં પહેલાં રાજ્યોની મુલાકાત લઈને સંબંધિત રાજ્યો સાથે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરવા ૧૬મું ફાયનાન્સ કમિશન ગુજરાતની મુલાકાતે આવેલું છે.

આયોગના અધ્યક્ષ ડો. અરવિંદ પનગઢિયા તથા સભ્યોએ ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો સાથે બેઠક યોજી હતી.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત જ ૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની સજ્જતાની પ્રભાવક ભૂમિકા આ બેઠકમાં રજૂ કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ આ માટેના મહત્વાકાંક્ષી લક્ષ્યોને સિદ્ધ કરવા કેન્દ્ર સરકારના ઉચિત સંસાધન અને સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.ફાયનાન્સ કમિશને આ હેતુસર એફિશિયન્સી અને આઉટકમ્સ દર્શાવતા પર્ફોર્મન્સ ઈન્ડિકેટર પર વધુ ધ્યાન આપવું જોઈએ એવો સુઝાવ તેમણે કમિશન સમક્ષ રજૂ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય એક મહત્વપૂર્ણ પહેલુ પ્રત્યે ફાયનાન્સ કમિશનનું ધ્યાન દોરતા કહ્યું કે ગુજરાતમાં જે વિશિષ્ટ પરિસ્થિતિ છે તેને પણ આયોગે ફંડિંગ ફાળવણીમાં ધ્યાને લેવી જરૂરી છે.આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે ગુજરાતમાં એક તરફ શહેરીકરણ તેજીપૂર્વક વધી રહ્યું છે તો બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં વસતા આદિજાતિ સમુદાયોની પણ પોતાની અલગ અલગ જરૂરિયાતો અને આવશ્યકતાઓ છે.ફાયનાન્સ કમિશનના યોગ્ય સહયોગ અને સમર્થનથી જ આવી આવશ્યકતાઓ પર ધ્યાન આપીને દેશના વિકાસમાં ગુજરાત પ્રભાવી યોગદાન આપી શકશે એમ તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું હતું. ફાયનાન્સ કમિશન દ્વારા ગુજરાતને મળનારા લાભ આ વાસ્તવિકતાઓ કેન્દ્રમાં રાખીને મળે તેમ જ રાજ્યની મહત્વાકાંક્ષા અને આવશ્યકતાસાથે તાલમેલ સાધી તેને પૂરાં કરી શકે તેવા હોય એવી ભારપૂર્વક રજૂઆત મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે પાછલા બે દશકમાં અસાધારણ વિકાસ કર્યો છે. ૨૦૦૧માં દેશના જીડીપીમાં ૬ ટકાથી વધુ યોગદાન આપનારૂ ગુજરાત શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં આજે ૮.૫ ટકાથી વધુ યોગદાન આપે છે.મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્ર અને રાજ્યોના વિકાસમાં ફાયનાન્સ કમિશનના બહુમૂલ્ય યોગદાનની સરાહના કરી હતી. કો-ઓપરેટિવ ફેડરલિઝમને સુદ્રઢ કરવામાં ફાયનાન્સ કમિશનની ભૂમિકા આધારશિલારૂપ ગણાવી હતી.મુખ્યમંત્રીશ્રીએ ફાયનાન્સ કમિશનને પોતાની ભલામણોમાં ગુજરાત સહિત સારી પ્રગતિ કરી રહેલા રાજ્યોને નાણાંકીય રીતે મજબૂત બનાવવા માટે સહયોગ અને માર્ગદર્શન આપતા રહેવાનો ખાસ અનુગ્રહ કર્યો હતો.૧૬માં ફાયનાન્સ કમિશનના અધ્યક્ષ ડૉ. અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૬ ટકા જેટલો રહ્યો છે તેની સામે ગુજરાતનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૮.૫ ટકાનો છે.ડૉ. પનગઢિયાએ ગુજરાતની મેન્યુફેક્ચરિંગ સ્ટેટ તરીકે વિકાસની સ્ટ્રેટેજીને યોગ્ય ગણાવતા ઉમેર્યુ કે, ગુજરાત ભારતનું પ્રથમ દક્ષિણ કોરિયા, તાઈવાન બનવા માટે તૈયાર થઈ રહ્યું છે.તેમણે એમ પણ જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકાસની જે નિંવ રાખવામાં આવી છે તે આજે સુદ્રઢ વિકાસ ઈમારત બની ગઈ છે. ખાસ કરીને કોવિડના કપરા સમયમાં પણ ગુજરાતે પોતાની વિકાસયાત્રા સાતત્યપૂર્ણ રીતે જાળવી રાખી તેની પણ ડૉ. પનગઢિયાએ સરાહના કરી હતી.નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, ફાયનાન્સ કમિશને નેશનલ ગોલ્સ એટલે કે, રિન્યુએબલ એનર્જી, ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેનેબિલિટી જેવા એરિયામાં પર્ફોર્મન્સના આધારે રાજ્યોને રીકગનાઈઝ કરવા જોઈએ.

## ડાંગ જિલ્લા મુખ્ય મથક આહવા ખાતે 'પોલીસ શહીદ દિન' નિમિત્તે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પીત કરાઈ



આહવા

ડાંગ જિલ્લા પોલીસ હેડ ક્વાટ ખાતે આવેલ શહીદ સ્મારક પાસે 'પોલીસ શહીદ દિન' નિમિત્તો શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પીત કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાની અધ્યક્ષાતામાં આહવા પોલીસ હેડ ક્વાટર ખાતે 'પોલીસ શહીદ દિન' નિમિત્તો શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પીત કરવામાં આવી હતી. રાષ્ટ્રની સુરક્ષા માટે ફરજ બજાવતાં પોતાનું બલિદાન સમર્પિત કરનાર તમામ શહીદ બહાદુર જવાનોને ડાંગ જિલ્લા પોલીસના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ દ્વારા હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.



રાજકોટ તા. ૨૦:: શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ-રાજકોટ દ્વારા શ્રી રાજકોટ લોહાણા મહાજનની પ્રેરણા વડે આયોજીત "ઓપન સૌરાષ્ટ્ર એન્ડ કચ્છ રઘુવંશી બેડમિન્ટન ટુર્નામેન્ટ-૨૦૨૪" માં રાજકોટનાં સમગ્ર રાજયમાં ખ્યાતિ પ્રાપ્ત યુવા બેડમિન્ટન પ્લેયર માધવ કોટકે બેડમિન્ટન મેન્સ ડબલ્સમાં ગોલ્ડન ટ્રોફી જીતીને સમગ્ર લોહાણા ઠક્કર સમાજનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખનિય છે કે રમતગમત ની સાથે સાથે ૨૨ વર્ષીય યુવાન માધવ કોટક પ્રખ્યાત ઈન્વેસ્ટમેન્ટ કંપની 'એસ એન્ડ પી ગ્લોબલ' માં સારી પોસ્ટ પર જોબ કરતો પ્રતિભાશાળી યુવાન છે. અત્રે પ્રસ્તુત તસ્વીરમાં માધવ કોટકની સાથે ડબલ્સમાં પાર્ટનર એવા પ્રતિભાશાળી યુવા બેડમિન્ટન પ્લેયર શ્રી મહર્ષિ સમીરભાઈ ભિંડોરા પણ જણાઈ રહ્યા છે. સમગ્ર કોટક તથા ભિંડોરા પરિવારો તેમજ શુભેચ્છકો અને બેડમિન્ટન પ્રેમીઓ માધવ કોટક તથા મહર્ષિ ભિંડોરાને અભીનંદન નો વરસાદ વરસાવી રહ્યા છે.



મેડિકલ ચેકઅપ કેમ્પ રોટરી ક્લબ ઑફ બોમ્બે એરપોર્ટ અને ઈનરવ્હીલ ક્લબ ઑફ બૉમ્બે ઍરપોર્ટે સંયુક્તપણે એક મફત મેડિકલ ચેક-અપ કેમ્પ, "આરોગ્યમ"નું વંચિતોની સેવાર્થે ઑક્ટોબર ૨૦ના આયોજન કર્યું હતું, જેમાં નેહરુ નગર, જુહુમાં ૬૦૦થી વધુ વ્યક્તિઓએ લાભ લીધો હતો. સહયોગી પ્રયાસમાં રોટ. એનએમઆઈએસ - એએસએમએસઓસી , રોટરી ક્લબ ઑફ મુંબઈ નીઓ અને બ્રહ્મા કુમારી બીએસઈએસ ગ્લોબલ હોસ્પિટલ દ્વારા સહ-આયોજિત, આ પહેલમાં વિવિધ વ્યાપક આરોગ્યસંભાળ સેવાઓ પ્રદાન કરી હતી. ડીજી ચેતન દેસાઈ, પ્રમુખ અપૂર્વ પટેલ, ડાયરેક્ટર નિની ભાટિયા, ડૉ. અક્ષય અને ડૉ. સ્નિગ્ધા મહેતા, ડૉ. નિતીન દેઢિયા અને ટીમ ડૉ. કનીર ભાટિયા અને ટીમ ડૉ. સુરેખા ધુરંધર, ડૉ. યોગિની શેઠ, ડૉ. કેતકી શાહ, ડૉ. રણજીત ભોસલે, ડૉ. ઉર્વી કોઠારી, રોટરેક્ટરઃ પ્રમુખ શ્રીમાન રાઠી, સચિવ સુમેધા અગ્રવાલ, ધ્રુવ જાજુ, યથાર્થ રાવત, ડૉ. શુભાંગી મેસ્ત્રી, ડૉ. આશિષ કદમ, ડૉ. રૂપા દોશી, સ્વયંસેવકોના નિઃસ્વાર્થ યોગદાનથી આ શિબિરને અદભુત સફળતા મળી હતી તથા અસંખ્ય જીવન પર સકારાત્મક અસર પડી હતી.









Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.